ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY, GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તાઃ ૨૫/૧૦/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,
..............................,
ભાવનગર.

## ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે યોજાનાર રાજ્ય કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ ૨૦૧૬માં ૧૧ વિદ્યાર્થીઓ ભાવનગર જીલ્લાનું પ્રતિનીધિત્વ કરશે.

ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ પુરસ્કૃત **NCSTC** નેટવર્ક હેઠળ સમગ્ર ભારતમાં છેલ્લા ૨૪ વર્ષથી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ પ્રોજેકટ કાર્યરત છે. સમગ્ર ગુજરાતમાં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ & ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા આ પ્રવૃતિનું સંચાલન થયેલ. રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ ૨૦૧૬નો મુખ્ય વિષય "ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનીકરણ" છે.

જેના ભાગરૂપે ભાવનગર જિલ્લામાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જિલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ ૨૦૧૬નું આયોજન તા. ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૬ શનીવારના રોજ મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ, સોનગઢ, તા. શિહોર ખાતે કરવામાં આવેલ.

જિલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ ૨૦૧૬માંથી વેગડ ઉમેશ (સ્પેશ્યલ ચાઈલ્ડ) (ધનશ્યામનગર પ્રાથમીમક શાળા, તરસમીયા), રમણા અંકીતા (નવકાર મંત્ર ગર્લ્સ હાઈસ્કુલ, તળાજા), મિતાંશી બુધેલીયા (એન. સી. ગાંધી કુમારી વિદ્યા મંદિર, ભાવનગર), ગોહીલ પ્રતીપાલ (દોલત અનંત વળીયા હાઈસ્કુલ, ભાવનગર), ચુડાસમા કલ્પેશ (ધનશ્યામનગર પ્રાથમીમક શાળા, તરસમીયા), રાઠોડ વૈભવ (કોબડી પ્રાથમીક શાળા, કોબડી), ચુડાસમા વત્સલ (બી. એન. વિરાણી હાઈસ્કુલ, ભાવનગર), પઠાણ અલીશા (સેંન્ટ મેરીસ ઈંગલીશ સ્કુલ, ભાવનગર), પારેખ ચેતસ (સ્વામિનારારાયણ ગુરૂકુળ માધ્યમિક શાળા, ભાવનગર), રાવળ ભૌદીપ (ઘર શાળા ઈંગલીશ મીડીયમ સ્કુલ, ભાવનગર) અને કાર્તિક શાહ ( એમ.જે.સી.કે.આર., સોનગઢ)ની પસંદગી થયેલ.

પસંદગી પામેલ શાળાના વિદ્યાર્થીઓ **તા. ૨૬ થી ૨૮ ઓકટોબર, ૨૦૧૬ના રોજ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ** ખાતે યોજાનાર રાજ્ય કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ ૨૦૧૬માં ભાવનગર જીલ્લાનું પ્રતિનીધિત્વ કરશે. જે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના સંચાલકશ્રીની યાદીમાં જણાવાયું છે.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.